પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૭૨ | ૧૪ ડિસેમ્બર, ૨૦૧૯, શનિવાર; માગશર વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# છ રાજ્યો નાગરિકતા બિલને લાગુ નહિ કરે

## બંગાળ, કેરળ અને પંજાબનો કડક નિર્ણય : મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ તથા છત્તીસગઢમાં પણ બિલને લાગૂ નહીં કરવાનો નિર્ણય

નવીદિલ્હી, તા. ૧૩

નાગરિક સુધારા બિલને લઈને દેશના આસામ સહિતના પૂર્વોત્તર રાજ્યોમાં હિંસક પ્રદર્શન જારી છે ત્યારે કેટલીક રાજ્ય સરકારોએ આને પોતાના પ્રદેશમાં લાગૂ કરવાનો ઈન્કાર કરી દીધો છે. મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ સહિત છ રાજ્યોમાં આને લાગૂ નહીં કરવાનો નિર્ણય કર્યો છે. બંગાળ, કેરળ અને પંજાબ બાદ હવે મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ સરકારે પણ આને લાગૂ નહીં કરવાનો નિર્ણય કર્યો છે. મહારાષ્ટ્ર કોંગ્રેસના અધ્યક્ષ અને ઉદ્ધવ સરકારના મંત્રી બાલાસાહેબ ખોરાટની સાથે મુખ્યમંત્રી કલમનાથે આ અંગેના સંકેત આપ્યા છે. બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું છે કે, નાગરિક સુધારા બિલને સંસદમાં પાસ કરીને કાનૂન બનાવી દેવામાં આવ્યો છે પરંતુ કેન્દ્ર સરકાર આને લાગૂ કરવા માટે ફરજ પાડી શકે નહીં. છત્તીસગઢ સરકારે પણ આને લાગૂ નહીં કરવાનો સંકેત આપ્યો છે. છ એવા રાજ્યો થઈ ગયા છે જે આને સીધીરીતે અમલી કરવા ઈચ્છુક નથી. કમલનાથે કહ્યું છે કે, કોંગ્રેસ પાર્ટી જે કંઈપણ વલણ અપનાવશે તેને પાળવામાં આવશે. અમે એવી પ્રક્રિયાનો હિસ્સો બનવા રહેવા માંગતા નથી જેના કારણે ભેદભાવ થઈ શકે છે. બાલાસાહેબ થોરાટે કહ્યું છે કે, અમે પાર્ટી નેતૃત્વની નીતિ ઉપર કામ કરીશું. પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિન્દરસિંહ દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે, રાજ્યમાં આને અમલી કરવામાં આવશે. કેરળના મુખ્યમંત્રી પી વિજયને કહ્યું છે કે, તેમના રાજ્યમાં પણ આને લાગૂ કરવામાં આવશે નહીં. વિજયને આને ગેરબંધારણીય તરીકે ગણાવીને આની ઝાટકણી કાઢી છે અને કહ્યું છે કે, કેન્દ્ર સરકાર ભારતને ધાર્મિક આધાર પર વિભાજિત કરવાના પ્રયાસ કરી રહી છે. બંગાળમાં તૃણમુલ કોંગ્રેસ સરકારમાં આ મંત્રી અને કેન્દ્ર સરકાર પર આક્ષેપો કરવા માટે જાણીતા બ્રાયને કહ્યું છે કે, બંગાળમાં એનઆરસી અને કેબ બંને લાગૂ કરવામાં આવશે નહીં. મુખ્યમંત્રી મમતા બેનર્જી પહેલાથી જ આ મુજબની વાત કરી ચુક્યા છે. હાલમાં પૂર્વોત્તરના ત્રણ રાજ્યોમાં વ્યાપક હિંસા ચાલી રહી છે. આસામ, મેઘાલય અને ત્રિપુરામાં સ્થિતિ વિસ્ફોટક બનેલી છે. આસામમાં સ્કુલ અને કોલેજો ૨૨મી ડિસેમ્બર સુધી બંધ રાખવાના આદેશ કરવામાં આવી ચુક્યા છે.

## વરસાદની વચ્ચે સમગ્ર ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનુ મોજુ

નવી દિલ્હી,તા. ૧૨

સમગ્ર ઉત્તર ભારતમાંવરસાદી માહોલ વચ્ચે કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. આના કારણે પ્રદુષણના સ્તરમાં પણ સુધારો થયો છે. પાટનગર દિલ્હી અને એનસીઆર તેમજ અન્ય વિસ્તારોમાં વરસાદ થતા ઠંડીમાં વધુ વધારો થયો છે. એનસીઆરની સાથે સાથે સમગ્ર ઉત્તર ભારતમાં ઠંડી વધી ગઈ છે. ગુરૂવારે મોડી રાત્રે એકાએક હવામાનમાં પલટો આવ્યો હતો અને દેશના જુદા જુદા ભાગોમાં વરસાદ થયો હતો. જેમાં ગુજરાતના વિવિધ ભાગો પણ વરસાદ થયો હતો. ૧૫મી ડિસેમ્બર સુધી તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો થઈ શકે છે. કરા સાથે વરસાદ થયો છે. વરસાદના કારણે આશરે ૧૦૦ ફલાઈટો પર અસર થઈ છે. જમ્મુ કાશ્મીર, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષા થઈ છે. બુધવાર` રાત્રેથી જ હિમાલય પ્રદેશમાં ભારે હિમવર્ષા થઈ રહી છે. ઉત્તરાખંડ અનવે હિમાચલ માટે આગામી ૪૮ કલાક માટે હિમવર્ષા માટે એલર્ટ જારી છે. કેદારનાથ અને બદ્રીનાથમાં પણ ભારે હિમવર્ષા જારી છે. જેથી ચારેબાજુ બરફના થર જામી ગયા છે. સમગ્ર ઉત્તર ભારતમાં છેલ્લા એક સપ્તાહથી પણ વધુના સમયથી ધુમ્મસની ચાદર છવાયેલી જોવા મળી છે જેને લઈને દિલ્હી, એનસીઆર, નોઈડા સહિત છેક ઉત્તર

● અનુસંધાન પાના - ૭ પર

ફ્રી નેત્ર નિદાન કેમ્પ
તા.૧૩,૧૪,૧૫ ડિસેમ્બર
સવારે : ૯ થી ૨, સાંજે ૭ થી ૯
: કેમ્પ દરમ્યાન ઉપલબ્ધ સુવિધાઓ :
● મોતિયા, વેલ, ઝામર તથા પડદાના રોગોની સંપૂર્ણ તપાસ ફ્રી તથા રાહત દરે સારવાર
● અદ્યતન માઈક્રો કોલ્ડ ફેકો (Abott, USA) દ્વારા મોતિયાના પ્રીમીયમ નેત્રમણી સાથે ઈન્જેકશન Less તથા Painless ઓપરેશન
● સરકાર માન્ય કાર્ડ તથા મેડીક્લેઈમ ધારકો માટે વિશેષ લાભ સાથે ઓપરેશનની સુવિધા
આપની તથા આપના પરિવારજનોની અમુલ્ય આંખોની તપાસ માટે આજે જ મુલાકાત લો.
દિશા આંખની હોસ્પિટલ
ડો.ભૌમિક રાવલ M.S.(Ophthal)
માઈક્રોફેકો તથા લેસીક સર્જરીના નિષ્ણાંત
વધુ માહિતી માટે સંપર્ક કરો : ૯૩૨૮૧ ૦૦૨૩૪
૩૦૪, ત્રીજો માળ, રાધે સ્કવેર, રીલાયન્સ ચાર રસ્તા, કુડાસણ, ગાંધીનગર.

## નાગરિકતા બિલ વિરોધમાં આસામ, ત્રિપુરા અને મેઘાલયમાં સ્થિતી તંગ

### સ્કુલ, કોલેજો, મોબાઈલ ઇન્ટરનેટ સેવા બંધ, જનજીવન ખોરવાયું : મોદી-અમિત શાહ તરફથી શાંતિ જાળવા રાખવા માટેની અપીલ કરાઇ હોવા છતાં સંચારબંધીનો ભંગ કરી દેખાવ જારી

ગુવાહાટી, તા. ૧૩

નાગરિક સુધારા બિલ પાસ કરવામાં આવ્યા બાદ પૂર્વાંતરના ત્રણ રાજ્યો આસામ, મેઘાલય અને ત્રિપુરામાં સ્થિતી હજુ પણ વણસેલી છે. આસામમાં તો તમામ સ્કુલ અને કોલેજોને ૨૨મી ડિસેમ્બર સુધી બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શાંતિ જાળવી રાખવા માટેની અપીલ કરી હોવા છતાં તેની અસર દેખાઈ



નથી. પોલીસ અને સેનાના જવાનોની તૈનાતી હોવા છતાં પણ સંચારબંધીનો સતત ભંગ કરવામાં આવી રહ્યો છે. દેખાવકારોએ ગઈકાલે મોડી રાત્રે યાત્રીઓથી ભરેલી એક ટ્રેનને સળગાવી દેવાનો પ્રયાસ કર્યો હતો. આસામમાં હિંસામાં બે લોકોના મોત થઈ ચુક્યા છે. અન્ય નવ લોકો ઘાયલ થયા છે. ડિબરૂગઢમાં સંચારબંધી લાગુ કરવામાં આવી

● અનુસંધાન પાના - ૭ પર

બેંગકોક પતાયા 27999
એર ટીકીટ,૫ રાત્રી/ ૬ દિવસ હોટલ સ્ટે, બ્રેકફાસ્ટ, ડિનર, એરપોર્ટ ટ્રાન્સફર, સાઈટ સીઈંગ સીમ કાર્ડ અને ઈન્સ્યોરન્સ
R K VACATIONS PVT. LTD.
+91 79 61 61 35 35 / 40 40 35 35

આજે 23 માં વર્ષમાં મંગલ પ્રવેશ

૧૪ ડિસેમ્બર, ૧૯૯૭માં શ્રીગણેશ કરી આપ સૌના સહકાર અને સહયોગથી હોટલ ઘુંઘટે શુભ પ્રયાણ કરી, આજે ૨૨ વર્ષની લાંબી સફર સફળતાપૂર્વક પૂર્ણ કરી છે, ત્યારે આ શુભ દિને હોટલ ઘુંઘટ પરિવાર હૃદયપૂર્વક, અંતઃપૂર્વક આપ સૌ માટે આભારની લાગણી વ્યક્ત કરે છે... સાથે આ સફર વણથંભી બની ઉત્તરોત્તર પ્રગતિ કરતી સફળતાની ટોચે પહોંચે અને પ્રથમ રાજ્યમાં, પછી રાષ્ટ્રમાં અજોડ - અદ્વિતિય બને તેવી ચાહના - ભાવના રાખી આપ સૌને સાથ-સહકાર તેમજ સહવાસ મેળવવા આ શુભ દિને આપ સૌને હાર્દિક આવકારે છે.

● ભોજન જેનું સર્વોત્તમ ને રૂમ છે જેના બેસ્ટ
● જમવા માટે - રહેવા માટે હોટલ ઘુંઘટ શ્રેષ્ઠ

હોટલ ઘુંઘટ
ગાર્ડન રેસ્ટોરન્ટ એન્ડ ગેસ્ટ હાઉસ

સેક્ટર-૨૬, ક-રોડ, જી.આઈ.ડી.સી.ની બાજુમાં, ગાંધીનગર - માણસા રોડ, ગાંધીનગર - ૩૮૨૦૨૬
મો. ૯૮૨૫૩ ૦૦૧૬૧, ૭૦૪૬૦ ૧૧૨૭૦ ● email : ghunghathotel@gmail.com www.hotelghunghat.com

● પંજાબી ● ચાઈનીઝ ● કોન્ટીનેન્ટલ ● સાઉથ ઈન્ડિયન ●
તેમજ ગુજરાતી થાળી સાથે રહેવાની ઉત્તમ સગવડ

● શુટ રૂમ - સુપર ડીલક્ષ - ડબલ ડીલક્ષ ● એ.સી. કોન્ફરન્સ હોલની સુવિધા ● લગ્ન રીસેપ્શન, બર્થ-ડે, ગેટ-ટુ-ગેધર માટે વિશાળ પાર્ટી પ્લોટ ● સાથે ચિલ્ડ્રન પાર્ક સાથે વિશાળ પાર્કીંગ

૧૪ ડિસેમ્બરથી શિયાળાની ઋતુમાં શિયાળાની વાનગી
● બાજરીનો રોટલો ● રીંગણ ભડથું ● ખીચડી ● કઢી
કાઠીયાવાડી સ્વાદમાં ગુજરાતી થાળી સાથે એજ ભાવમાં સાંજે જમો

આજના હરખના દિને ગુજરાતી થાળી સાથે મીઠાઈની મિજબાની અને પંજાબી-ચાઈનીઝ ચટાકેદાર સ્વાદ સાથે આકર્ષક ૧૦ ટકા વળતર